ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ૧૦ આરોગ્ય કેન્દ્રોના ૫૫ કર્મયોગીઓને નોટીસો ફટકારાઈ

## અનિયમિતતા સામે તંત્રની લાલ આંખ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા ૧૦ પ્રા.આ. કેન્દ્રો અને સી.એચ.સી. સેન્ટરો પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં અધિક્ષક, સ્પેશ્યાલીષ્ટ, મેડીકલ ઓફિસર સહિત ૫૫ કર્મચારીઓ ફરજમાં અનિયમિત હોવાનું જણાતાં આ તમામને નોટીસ આપી ખુલાસો પુછવામાં આવતા તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સંક્રમણ વધી રહ્યુ છે ત્યારે છેલ્લા ઘણા સમયથી પ્રા.આ. કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કર્મયોગીઓ પોતાની ફરજમાં અનિયમિત હોવાની ફરિયાદો ઉઠી હતી.

જિલ્લા આરોગ્ય અધિકારી વૈષ્ણવે અલગ-અલગ ટીમો બનાવી આ અંગે તપાસ ટીમોને રવાના કરી હતી અને તેમાં આ ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

મળતી વિગતો પ્રમાણે ૬ પ્રા.આ. કેન્દ્રોમાં પેરા મેડિકલ સ્ટાફ, આયુષ તબીબો, મેડિકલ ઓફિસર જ લેટ લતીફ હોવાનું ધ્યાન પર આવ્યુ છે. ૪ સામુહિક આરોગ્ય કેન્દ્રોની તપાસમાં અધિક્ષક, સ્પેશ્યાલીસ્ટ તબીબ, મેડિકલ ઓફિસર, પેરા મેડિકલ સ્ટાફ સહિત ૨૫ કર્મચારીઓ ફરજના સમયમાં અનિયમિત હોવાનું ધ્યાને આવ્યુ હતુ.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા એક સાથે ૫૫ કર્મચારીઓને ફરજમાં અનિયમિતતા અંગે નોટીસ આપી ખુલાસો માંગવામાં આવતાં તંત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

એક તરફ ગુણવત્તાસભર સેવાઓ અને સેવાના સઘનીકરણ માટેના ભરચક પ્રયાસો સરકાર કરી રહી છે ત્યારે આવી અનિયમિતતા સામે આવતાં તંત્રના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે.

# શહેર-જિલ્લામાં કોરોનાના ૧૦ કેસ

## શહેરમાં કોરોનાના નવા ૮ અને ગ્રામ્યમાં ૨ કેસ નોંધાયા : સે. ૨૯માં ૨, સે. ૨૩, ૨૦, ૨૭, ૨, ૩-એ-ન્યુ, સે. ૩ માંથી કેસ મળ્યા : ત્રણ દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી : ગાંધીનગર ગ્રામ્ય અને કલોલમાં ૧-૧ કેસ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૮ કેસ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨ કેસ કોરોનાના નોંધાયા છે. શહેર-જિલ્લામાં કોરોનાની વધેલી ગતિએ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરના સેક્ટરોમાં તેમજ જિલ્લાના જુદા જુદા ગામોમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ વધી જવા પામી છે. જિલ્લામાં ૧૫ થી ૪૬ વર્ષની વયજૂથમાં સૌથી વધુ કેસો નોંધાયા છે.

જિલ્લામાં કોરોનાના કેસો વધી રહ્યા છે પણ દર્દીઓને હળવા લક્ષણો જણાતાં હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો જણાયો છે. કોરોના પોઝીટીવીટી રેટ પણ ૧ ટકાની આસપાસ રહેવા પામ્યો છે. જે તંત્ર માટે રાહતરૂપ જરૂર છે.

જિલ્લામાં કોરોના સંક્રમણમાં જે ઉછાળો જણાયો છે તેના ચોક્કસ તારણ પર તંત્ર પહોંચી શક્યુ નથી. તંત્રના દાવા મુજબ છુટા છવાયા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે અને પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. ટેસ્ટીંગ, ટ્રેકીંગ અને ટ્રીટમેન્ટની રણનીતિના અમલને વધુ અસરકારક અમલીકરણ કરવા માટેનું મન તંત્રએ બનાવી લીધુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ નોંધાયા છે જે કલોલ અને ગાંધીનગર તાલુકામાંથી મળી આવ્યા છે. કલોલ અને ગાંધીનગર એ બન્ને તાલુકા અગાઉની લ્હેરમાં સંવેદનશીલ વિસ્તાર બનીને ઉભર્યા હતા.

જિલ્લાના કલોલ તાલુકાના રકનપુર ગામેથી ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર તાલુકાના દંતાલી ગામે ૨૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલ બન્ને દર્દી વાણિજ્યક્ષેત્ર સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળેલ છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દીઓની વધી રહેલી સંખ્યાથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ ટેસ્ટીંગમાં વધારો કરવા તેમજ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૩૦ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. આજે નોંધાયેલ બન્ને દર્દીની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે નવા ૮ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ત્રણ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલ કેસોમાં ૪ દર્દી સિનીયર સિટીઝન છે.

શહેરમાં કોરોનાએ ગતિ પકડી છે. છેલ્લા બે દિવસથી શહેરના વિવિધ સેક્ટરોમાંથી કેસો મળી રહ્યા છે. બે જ દિવસમાં સેક્ટરોમાંથી ૧૫ કેસ મળી આવ્યા છે તેથી તંત્રની દોડધામ પણ વધી છે.

ગાંધીનગર શહેરમાં ગઈકાલની તુલનામાં એક કેસ વધુ નોંધાયો છે. શહેરમાં આજે સે. ૨૯માં ૨ કેસ, સે. ૨૩, ૨૦, ૨૭, ૨, ૩-એ-ન્યુ અને સે. ૩ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસમાં ત્રણ દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી હોવાનું સામે આવ્યુ છે. એક દર્દી આઈ.પી.એલ.ની મેચ જોવા ગયાનું તો એક દર્દી ઉજ્જૈન જઈ પરત આવ્યાનુ તો એક દર્દી વલસાડ જઈ પરત આવ્યાનું જાણવા મળેલ છે.

સે. ૨૩માંથી ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૦માંથી ૬૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૦માં ૬૨ વર્ષીય

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં માર્ગ સુધારણાના ૪૦૦ કરોડથી વધુ રકમના કામો વિલંબમાં

## ખાનગી કંપની પાસેથી ડામર ખરીદવાનુ શકય નથી જયારે સરકારી પ્લાન્ટ બંધ હોવા ઉપરાંત ક્વોલિટી કન્ટ્રોલ સહીત અનેક પરિબળો જવાબદાર : મંજુર થયેલા પ્રોજેકટ પણ મંદ અવસ્થામાં

ગાંધીનગર તા ૪

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી માર્ગ સુધારણાના કામો ઠપ્પ થઈ ગયા છે. એકબાજુ માર્ગોના રીસરફેસીંગને નિયત સમય પુરો થઈ ગયો હોવાથી રસ્તાઓની હાલત ખરાબ છે. ત્યારે આવા સંજોગોમાં જિલ્લામાં અંદાજિત ૪૦૦ કરોડથી વધુ રકમના કામો અટવાયા છે. ખાનગી કંપની પાસેથી ડામર લેવાના મામલે પ્રતિબંધ મુકાયો છે. જયારે ત્યારે કેટલાક સરકારી પ્લાન્ટ બંધ છે ત્યારે પહેલા જરૂરી નાંણા જમા કરાવવાનો નિયમ પણ કરી દેવાયો છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી માર્ગ સુધારણાના કામો અટવાયા છે. જિલ્લામાં માર્ગોના નવિનીકરણ માટે અંદાજિત ૪૦૦ કરોડથી વધુના કામો મંજુર કરાયા છે. જયારે આ કામગીરી હજુ સુધી ગતિમાં આવી નથી. માર્ગોના મંજુર કરાયેલા કામો પણ હાથ ધરી શકાયા નથી. હયાત માર્ગોને રીસરફેસીંગ કરવાનુ કામ મશીન દ્વારા કરવામાં આવે તેમાં કોન્ટ્રાકટર માટે મુસીબત સર્જાય છે. જેમાં નિરિક્ષકો સાઈટ પર પહોંચીને કોર લેવા માટે અલબત્ત ખાડો ખોદીને ડામર કપચીના લેયરની જાડાઈ તપાસવામાં આવે ત્યારે મશીન વર્કના લીધે સીધી સપાટી હોય ત્યાં પાતળુ લેયર મળી આવતા ટેકનિકલ બાબતને નજરે રાખી બિલ અટકાવી દેવા સુધીના પગલા લેવામાં આવે છે. રીપોર્ટ ઓ કે આવે ત્યાર બાદ જ ચુકવણી કરવામાં આવે છે. જયારે આ સ્થિતિ વચ્ચે કોન્ટ્રાકટર્સ કામ કરવા તૈયાર થતા નથી. જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં મંજુરી આપવામાં આવી હોય તેવા કામ પણ છેલ્લા આઠ મહીનાથી વિલંબમાં પડયા છે. જો કે તેની પાછળ બંધ પડેલા સરકારી પ્લાન્ટ પણ જવાબદાર હોવાનુ મનાય છે. હાલ એકબાજુ હાલ ગરમીના દિવસો શરૂ થઈ ગયા છે. ત્યારે માર્ગ સુધારણાના અને નવિનીકરણના કામો ધમધમતા હોવા જોઈએ કારણ કે ચોમાસા દરમિયાન તો આમ પણ માર્ગોના નવિનીકરણનુ કામ હાથ ધરવામાં આવતુ નથી જેના લીધે ફરિયાદો પણ વધી રહી છે. ક્વોલિટી કન્ટ્રોલના નામે બધુ બમબમ ચાલતુ હોવાનો ગણગણાટ અને રોષ પણ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં માર્ગ સુધારણાના કામો હાથ ધરવા માટે ઝડપથી કોઈ નિવેડો આવે તે પણ અનિવાર્ય છે.




શરમજનક દ્દશ્ય - ગાંધીનગરના રાજમાર્ગ પર કચરાની ગાડીમાં ઠાસી-ઠાસીને ભરાયેલા મજૂરોની આ તસવીર શરમથી માથુ ઝુકાવી દે છે... સ્માર્ટ સિટીને લક્ષ્યને આંબવા સતત ચાલતી મથામણીની વચ્ચે આવી તસવીરો સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી બની જાય છે... કોની શું મજબુરી હશે એ તપાસ કે ચર્ચાનો વિષય છે... પરંતુ કચરાની ગાડીમાં માણસો ભરાય એ તો શરમની જ વાત છે... આવું એક વખત કે બે વખત નથી બન્યું... વારંવાર બને છે... અને આ બધા લખાણો કે આ બધી ચર્ચાઓ કે રજૂઆતો પથ્થર પર પાણીની જેમ વહ્યા કરે છે... ખબર નથી પડતી કે કોઈ કોઈને કહેતું નથી કે, કોઈ કોઈનું સાંભળતું નથી... જુના અને નવા ગાંધીનગરમાં અનેક વખત ડોર - ટુ - ડોર કચરો ઉપડવામાં એજન્સી ઠાગાઠય્યા કરતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે... કચરો તો ઉપાડતા નથી પણ કચરાની ગાડીની આ સવારી શું કહેવા માગે છે એ જો તંત્રને સમજાય તો સ્માર્ટ સિટી તરફ ચોક્કસ આગળ ધપી શકીશું....

# તાપમાનમાં ૨-૪ ડિગ્રીનો વધારો થવાની શક્યતા

ગાંધીનગર, તા.૪

રાજસ્થાન પર સર્જાયેલું સાયકલોનિક સરક્યુલેશન ગુજરાતમાં ફરી એક વાર કમોસમી લાવી શકે છે, એવી આગાહી ભારતના હવામાન વિભાગે કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજયના કેટલાંક વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવો વરસાદ પડી શકે છે. બુધવારે સાબરકાંઠા, બનાસકાંઠા, કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, રાજકોટ અને મોરબીમાં વરસાદની આગાહી છે. તો ગુરુવારના રોજ અરવલ્લી, મહિસાગર, બનાસકાંઠા, સાબરકાંઠા અને કચ્છમાં આગાહી છે. જ્યારે શુક્રવારે ભરુચ, સુરત, નર્મદા અને તાપીના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી શકે છે. આ સિસ્ટમના કારણે મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૩૭ સેલ્સિયન નીચુ રહ્યું હતું.

# પ્રતિકૂળ હવામાન વચ્ચે પણ જિલ્લામાં ગત વર્ષની તુલનામાં આ વર્ષે ઉનાળુ વાવેતર વધ્યુ

ગાંધીનગર, તા. ૪

કમોસમી વરસાદના માર વચ્ચે પણ જિલ્લામાં ગત વર્ષની તુલનામાં આ વખતે ઉનાળુ વાવેતર વધવા પામ્યુ છે. જો કે જિલ્લાના ખેડૂતોએ કૃષિમાં નવા પાકની વાવણીને ટાળી છે અને પરંપરાગત ખેતીને જ યથાવત રાખી છે.

આ વખતે ખેડૂતોએ રોકડિયા પાક ગણાતા શાકભાજીના વાવેતર પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે અને પાંચેક હજાર હેકટરમાં શાકભાજીનું વાવેતર કર્યુ છે. મૂંગા પશુધન માટે ઘાસચારાનું વાવેતર જિલ્લામાં ઉનાળુ સીઝનમાં સૌથી વધુ નોંધાયુ છે. ૧૩ હજાર હેકટરમાં ઘાસચારાનું વાવેતર થયુ છે.

જિલ્લામાં ગત વર્ષે ૫૨ ટકા વિસ્તારમાં આજ સુધી વાવેતર થયુ હતુ જ્યારે આ વખતે દહેગામ અને કલોલ તાલુકામાં ઉનાળુ વાવેતર ૧૦૦ ટકાને પાર કરી ગયુ છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૨૨માં ૩૧ માર્ચ સુધીમાં ૧૩ હજાર હેક્ટરનું વાવેતર થયુ હતુ જ્યારે જિલ્લામાં આ વખતે ૨૫ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે.

કમોસમી વરસાદને પગલે બટાટા અને ઘઉંની ખેતીને નુકશાન થયુ છે. આ વખતે જિલ્લામાં બાજરીનું વાવેતર ૬ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં નોંધાયુ છે.

જિલ્લામાં પિયતના સાધનો સિમીત હોવાથી ઉનાળુ વાવેતર ઓછુ નોંધાતુ હોય છે. જિલ્લામાં ૩૦ હજાર હેક્ટર વિસ્તારમાં જ ઉનાળુ વાવેતર થતુ હોય છે.

# ગ-માર્ગનુ ડામર કામ આરંભાયુ, દોઢ વર્ષ પ્રોજેકટ અટવાયો હતો

## ગ માર્ગને સિકસલેન કરવાનો પ્રોજેકટ જુન સુધીમાં પુર્ણ થઇ જશે : રોડ ફર્નિચરનુ કામ પણ વરસાદી દિવસો પહેલા પુરુ કરાશે

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી માર્ગ સુધારણાના કામો અટકી ગયા છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. જેના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં ઉબડ ખાબડ માર્ગો સ્થાનિકો માટે પરેશાનીરૂપ બન્યા છે. બીજીતરફ શહેરના ગ માર્ગને સિકસલેન કરવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. ગ માર્ગનુ કામ અગાઉ કોરોના કાળમાં દોઢ વર્ષથી બંધ રહ્યુ હતુ જયારે હાલ ગ માર્ગને ડામરનુ લેયર કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ



ઉપરાંત આગામી જુન મહીના પુર્વે ગ માર્ગના રોડ ફર્નિચરનુ કામ પણ શરૂ કરી દેવાશે.

ગાંધીનગરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. જેના લીધે હાલ સેકટરોના આંતરિક માર્ગોનુ રીસરફેસીંગ કરવામાં આવતુ નથી.

જયારે હાલ ગ માર્ગની બાકી કામગીરી પુર્ણ કરવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. નગરના ગ માર્ગને સિકસલેન કરવા માટે વર્ષ ૨૦૧૯ માં વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો જયારે ગ માર્ગનુ કામ પણ શરૂ કરી દેવામાં આવ્યુ હતુ પરંતુ કોરોનાના લીધે આ માર્ગની કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. કોરોનાના લીધે અંદાજિત દોઢ વર્ષ સુધી ગ માર્ગનુ કામ બંધ રહ્યુ હતુ જેના લીધે ગ માર્ગને સિકસલેન કરવાનો પ્રોજેકટ લાંબા સમયના અંતે પણ પુર્ણ થયો નથી. ગ-૦ થી ગ-૭ સુધીનના માર્ગને સિકસલેન કરવાની આ યોજના અન્વયે ગ-૪ પાસે અન્ડર પાસ પણ તૈયાર કરવામાં આવ્યો છે. શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ સહીત ખ માર્ગ પર સિકસલેન છે જયારે હવે ગ માર્ગ પણ તૈયાર થઈ જતા નગરજનોને મુખ્યમાર્ગોનુ યોગ્ય રોડ નેટવર્ક

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આવેલ એન.આર.સી. સેન્ટરમાં સારવાર માટે લવાયેલ કુપોષિત બાળકોની ધારાસભ્ય રીટાબેન પટેલે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ સાથે મુલાકાત લીધી હતી અને જિલ્લામાં કુપોષણમુક્તિ સઘન અભિયાનના રોડમેપની વિગતો મેળવી હતી. ધારાસભ્ય રીટાબેન પટેલે કુપોષણમુક્તિ માટે જરૂરી તમામ સહયોગ આપવાની ખાત્રી આપી હતી. તેમની આ મુલાકાત દરમ્યાન આરોગ્ય તેમજ મહિલા-બાળ વિકાસના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કુપોષિત બાળકો સાથે રહેતી માતાઓને નિયમિત યોગ કરાવવા તેમજ બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવી રહ્યાનું અધિકારીઓએ જણાવ્યુ હતુ.

# ગુડાના આવાસો ભાડે આપવાના કિસ્સામાં સીલ ખોલવાની પ્રક્રીયા ઠપ્પ

## અરજદારો આગ બબુલા ફરિયાદોનો નિકાલ આવતો નથી

ગાંધીનગર તા ૪

ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલી આવાસ યોજનાં ના મકાનો ભાડે આપવાની મનાઈ છે જયારે આકસ્મિક તપાસ દરમિયાન મકાન ભાડે અપાયાના કિસ્સા ધ્યાને આવે તો ગુડા દ્વારા સીલ મારવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે જયારે કાયદેસરની કાર્યવાહીના અંતે ૨૫ હજાર સુધી દંડનો દંડ વસૂલીને મકાનના સીલ પણ ખોલી દેવામાં આવે છે પરંતુ ગુડા કક્ષાએથી આવાસોના સીલ ખોલવાની પ્રક્રીયા પણ હાથ ન ધરાતા લાભાર્થીઓ આગ બબુલા બન્યા છે.

ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા લાંબા સમયથી આવાસોના સીલ ખોલવાની કામગીરી કરવામાં નહીં આવી રહ્યાંની ફરિયાદો રોષ નું કારણ બની છે અગાઉ વિવિધ વસાહતોમાં લાભાર્થીઓ દ્વારા તેમને મળેલા મકાન ભાડે આપવાના સંબંધમાં તપાસના હાથ ધરવામાં આવી હતી જયારે નિયમ પ્રમાણે આવા કિસ્સા ફરી ધ્યાનમાં આવ્યા બાદ મકાનને સીલ મારી દેવામાં આવ્યા હતા આ બાબતે અમદાવાદ શહેરી વિકાસ સતામંડળ દ્વારા મકાનને મારેલા સીલ ખોલવા માટે કઈ પદ્ધતિને અનુસરવામાં આવે છે. તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો જયારે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા પણ ૨૫ હજાર સુધીની રકમની દંડ તરીકે વસૂલાત કરીને સીલ ખોલી આપવા સંબંધમાં નિયમ બનાવવામાં આવ્યો હતો અને તેનો અમલ પણ કરવામાં આવ્યો હતો જો કે હાલ આ પ્રક્રીયા ઠપ્પ થઈ ગઈ છે મકાનને મારવામાં આવેલા સીલ ખોલાવવા મુદ્દે લાભાર્થીઓ દ્વારા અરજીઓ કરવામાં આવી હતી. જો કે લાંબો સમય વિતવા છતાં અને લાભાર્થી દંડ ભરવા તૈયાર હોવા છતાં સીલ ખોલી આપવાની પ્રક્રીયા પણ હાથ ન ધરાઈ હોવાનો પ્રબળ આક્રોશ ઉઠવા પામ્યો છે

બીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. પુષ્પાબેન બાબુભાઈ પરમાર
સ્વ. તા. ૫/૪/૨૦૨૧ (ગામ : બોરીજ)

અંજલી અર્પણ કરીએ તો આંસુ સારે છે,
તસ્વીર તમારી જોતા હૈયુ રડે છે.
દરિયા જેવું નિખાલસ હૃદય,
કુટુંબ સાથેનો આપનો અતૂટ નાતો
કાયમી સંભારણું બની રહેશે.
ઈશ્વર તમારા દિવ્ય આત્માને
શાંતિ આપે એ જ પ્રાર્થના
ૐ શાંતિ

લી.
સ્વ. બાબુભાઈ મંગળભાઈ પરમાર (પતિ)
ચેતના (પુત્રી) નિરવ (પુત્ર)
સમીરકુમાર (જમાઈ) ટ્વિંકલ (પુત્રી)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com